# કોસંબા APMCમાં ચેરમેન અને વાઈસ ચેરમેન બિનહરીફ વરાયા

**સુરેન્દ્રસિંહ** ખેર ફરી ચેરમેન અને પ્રભાતભાઈ પટેલ વાઇસ ચેરમેન બન્યા



ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ કોસંબા ખાતે આવેલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ એપીએમસીમાં શનિવારે બીજી ટર્મના હોદ્દેદારોની વરણી થઈ હતી, જેમાં તમામ સભ્યોની સર્વસંમતિથી ચેરમેન અને વાઈસ ચેરમેનની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. બજાર સમિતિના ચેરમેન તરીકે સુરેન્દ્રસિંહ ખેરની બીજી ટર્મ માટે બિનહરીફ વરણી કરવામાં આવી છે. તેમની ઉમેદવારી માટેની દરખાસ્ત સંજયસિંહ રાણા દ્વારા મૂકવામાં આવી હતી, જેને નરેન્દ્રભાઈ સોલંકીએ ટેકો જાહેર કર્યો હતો. આ જ રીતે વાઈસ ચેરમેન પદ માટે પ્રભાતભાઈ પટેલની પણ બિનહરીફ પસંદગી કરવામાં આવી છે. તેમની વરણી માટેની દરખાસ્ત અંકિત શાહ દ્વારા રજૂ કરવામાં આવી હતી અને તેને દીપસિંહ કઠવાડિયાએ ટેકો આપ્યો હતો. આજની સંપૂર્ણ ચૂંટણી પ્રક્રિયા નવસારીના ચૂંટણી અધિકારી તરીકે નવસારીના ધ્રુવીન પટેલ દ્વારા પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

# પીપોદરામાં વેસ્ટેજના ગોડાઉનમાં આગ

**ગુલશને** બુરહાની રહેણાક વિસ્તાર નજીક આવેલા ટીસીમાં આગ બાદ તણખો ઝરતાં ગોડાઉન ચપેટે આવ્યું

**ગ્રામજનોએ** પાણીનાં 20 નાનાં ટ્રેક્ટર ટેન્કર કામે લગાડ્યાં, આઠ ફાયર ફાઈટર કામે લાગતાં ત્રણ કલાકે આગ કાબૂમાં આવી

**10થી** 15 કિલોમીટર સુધી ધુમાડાના ગોટેગોટા દેખાયા



ઈબ્રાહીમ કાનુ

## રહેણાક વિસ્તારમાં આવેલા વેસ્ટેજનાં ગોડાઉન જીવતા બોમ્બ સમાન

હથોડા: પીપોદરા જીઆઇડીસીમાં જ્યાં આગ લાગી હતી તે રહેણાક વિસ્તારમાં મુખ્ય માર્ગની લગોલગ કેટલાંક ગોડાઉન આવેલાં છે. નજીકમાંથી જ વીજ લાઈન પણ પસાર થાય છે. જેથી રહેણાક વિસ્તારમાં કોઈ આકસ્મિક રીતે આગ લાગે અને કોઈ મોટી દુર્ઘટના બને એ પહેલા આવા જીવતા બોમ્બ સમાન વેસ્ટેજના ગોડાઉનને તંત્ર દ્વારા દૂર ખસેડવા જોઈએ.

હથોડાઃ પીપોદરા જીઆઈડીસી ખાતે ગુલશને બુરહાની જેવા રહેણાક વિસ્તારમાં આવેલા એક વેસ્ટેજના ગોડાઉનમાં બપોરે 12 વાગ્યાના સમયે નજીકમાં આવેલા ટીસીમાં ધડાકા થયા બાદ આગના તણખા નજીકમાં જ આવેલા વેસ્ટેજના ગોડાઉનમાં પડતાં આગ ફાટી નીકળી હતી.

આગ એટલી વિકરાળ હતી કે 10થી 15 કિલોમીટર સુધી ધુમાડાના ગોટેગોટા દેખાયા હતા. ઘટનાની જાણ થતા જ ગામના સરપંચ નસરુદ્દીન શેખ અને તલાટી કમ મંત્રી અભયભાઈ ગામીત તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતા. અને પીપોદરા ગામથી તમામ પાણીનાં નાનાં 20 ટ્રેક્ટર ટેન્કર કામે લગાડી આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ આગ વધુ વિકરાળ હોવાથી ફાયર વિભાગને જાણ કરતાં આઠ ફાઈટર ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ત્રણ કલાકની મહેનતના અંતે આગ ઉપર સંપૂર્ણ કાબૂ મેળવાયો હતો. રહેણાક વિસ્તાર હોવાથી ઘટના સ્થળે લોકોનાં ટોળેટોળાં ધસી આવી સેલ્ફી લેવાની સાથો સાથ વિડીયો ઉતારતાં લોકોને ખસેડવા પોલીસને પરસેવો વળી ગયો હતો. જો કે, સરપંચ તલાટી અને પોલીસ તંત્રની સજાકતાને પગલે કોઈ મોટી જાનહાનિ નહીં થતાં સૌ કોઈએ રાહતનો દમ લીધો હતો. આ આગમાં કેટલું નુકસાન થયું છે તે જાણી શકાયું નથી.

# ભરૂચમાં ઝૂંપડપટ્ટીમાં આગ લાગતાં પાંચ ઝૂંપડાં ખાખ



**ઘરવખરી,** દસ્તાવેજો, અનાજ બળીને ખાખ

**વરસાદી** મોસમ પહેલાં પુનર્વસનની ગંભીર સમસ્યા

ભરૂચ:ભરૂચ શહેરના જે.બી. મોદી પાર્ક નજીક આવેલી ગીચ ઝૂંપડપટ્ટીમાં શનિવારે અચાનક ભીષણ આગ ભભૂકી ઊઠી હતી. આ અકસ્માતમાં પાંચ જેટલાં ઝૂંપડાં સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયાં હતાં, જેના કારણે ગરીબ મજૂર પરિવારો રહેણાક અને જીવનજરૂરી સામગ્રી ગુમાવીને નોંધારા બની ગયા છે. અસરગ્રસ્ત પરિવારો સામે હવે વરસાદી મોસમ પહેલાં આશ્રય અને પુનર્વસનની ગંભીર સમસ્યા ઊભી થઈ છે. ભરૂચ શહેરના જે.બી. મોદી પાર્ક નજીક આવેલી ગીચ ઝૂંપડપટ્ટીમાં બપોરે અચાનક ઝૂંપડીમાં આગ લાગતાં ધુમાડાના ગોટેગોટા ઊઠતાં વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. તીવ્ર પવનને કારણે આગ ઝડપભેર ફેલાતાં પાંચથી વધુ કાચાં ઘરોને ઘેરી લીધાં હતાં. ભરૂચ નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમને જાણ થતાં જ તેઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને કલાકોની ભારે જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી. ત્યાં સુધીમાં તો ઝૂંપડાં અને તેની અંદર રાખેલો ઘરવખરી, દસ્તાવેજો, અનાજ તથા અન્ય આવશ્યક ચીજવસ્તુઓ બળીને રાખ થઈ ગઈ હતી.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, “આગ એટલી ઝડપી હતી કે લોકો પોતાનો જાન બચાવવા માટે દોડી રહ્યા હતા. કેટલાકે તો હાથે કરીને સામાન બહાર કાઢવાનો પ્રયાસ કર્યો, પણ પવનના કારણે કંઈ થઈ શક્યું નહીં.” પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટ કે રસોઈ દરમિયાન થયેલી ભૂલની શક્યતા વ્યક્ત થઈ રહી છે, પરંતુ અધિકૃત પુષ્ટિ થઈ નથી.

## સંક્ષિપ્ત સમાચાર

### માંડવી BSNL કચેરીમાં ચોરીનો ભેદ ઉકેલાયો



હિતેશ પટેલ

માંડવી: માંડવી પોલીસે BSNL ઓફિસના જનરેટર રૂમમાંથી થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી નાંખ્યો છે. મે-૨૦૨૬ દરમિયાન કચેરીમાંથી ૧૨ વોલ્ટની બેટરી અને તાંબાના વાયરોની ચોરી થઈ હતી. માંડવી પી.આઈ. જે.એસ. વળવીની ટીમે સીસીટીવી ફૂટેજ અને બાતમીના આધારે બે આરોપી રાહુલ ઉર્ફે રામુ જોગી (રહે.,ધોબાણી નાકા, જોગીવાડ, માંડવી) અને શ્યામ વસાવા (રહે.,ગઢવી ફળિયું, માંડવી)ની ધરપકડ કરી છે. પૂછપરછમાં જાણવા મળ્યું કે, તેઓએ અન્ય ફરાર આરોપી સુલતાન જોગી (હાલ રહે.,માંડવી, મૂળ રહે.,નસવાડી, નર્મદા) સાથે મળીને ચોરીનો સામાન એક ભંગારના વેપારીને વેચી દીધો હતો. પોલીસે રૂ.૨૫ હજારનો મુદ્દામાલ રિકવર કર્યો છે. પકડાયેલો આરોપી રાહુલ જોગી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. પોલીસે વોન્ટેડ આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યાં છે.

### વાલોડમાં ટેમ્પો રોડની સાઈડમાં ઊતરી પલટી ગયો



વાલોડ: વાલોડથી બારડોલી તરફ જતાં માર્ગ ઉપર નવા ફળિયા ગામની સીમમાં રાત્રિ દરમિયાન પૂરઝડપે પસાર થતાં એક આઇસર ટેમ્પો નં.(જીજે-19-એક્સ-4243)ના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં ટેમ્પો રોડની સાઈડમાં ઊતરી પલટી ગયો હતો. જો કે, આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી અને ચાલકનો પણ બચાવ થયો હતો. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો સ્થળ ઉપર દોડી આવ્યા હતા.

### ચાંપાવાડી ગામે અકસ્માતમાં એકનું મોત

વ્યારા: વ્યારાના ચાંપાવાડી પાસે ગત ૧૯ જૂનના રોજ વડકુઈ ગામના રિતેશભાઈ ગામીત પોતાની બાઈક નં.(GJ 26 E 5625) પર સગાઈમાં જઈ રહ્યા હતા, ત્યારે અજાણ્યા વાહને ટક્કર મારતાં તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. કાકરાપાર પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### સોનગઢમાં કાર અડફેટે વન કર્મચારી ઘાયલ

સોનગઢ: સોનગઢના સરજાંબલી ગામ પાસે ૧૮ જૂને કાર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ફરજ પર જઈ રહેલા ૫૪ વર્ષીય ફોરેસ્ટ કર્મચારી ગંજીભાઈ ગામીતની મોટરસાઇકલને એક પૂરપાટ ઝડપે આવતી કારે ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ગંજીભાઈના બંને પગમાં ફ્રેક્ચર સહિત ગંભીર ઈજા થતાં તેમને વધુ સારવાર માટે સુરત ખસેડાયા છે. અકસ્માત સર્જી કાર ચાલક ફરાર થઈ ગયો છે, જેની પોલીસ શોધખોળ કરી રહી છે.

### કામરેજમાં પોલીસનું સઘન ફૂટ પેટ્રોલિંગ

કામરેજ: કામરેજના શેખપુરમાં કરિયાણાના બાકી રૂપિયા મુદ્દે યુવક પર ચપ્પુથી હુમલો કરાયો હતો. વધતી ગુનાખોરી રોકવા કામરેજ પોલીસે હરિદર્શન સોસાયટીમાં ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. ૧૪૦૦ ઘરોની તપાસમાં ઘાતક હથિયારો જપ્ત કરાયાં હતાં અને ભાડા કરાર વિના રહેતા ૧૫૦ મકાનમાલિક સામે ગુનો નોંધાયો હતો. પોલીસે શાંતિ સમિતિની બેઠક યોજી સાયબર ફ્રોડ અને નશા વિરુદ્ધ જાગૃતિ ફેલાવી હતી.

### પનીયારી ગામમાં બંધ ઘરમાં ચોરી



વ્યારા: વ્યારાના પનીયારી ગામના સડક ફળિયામાં રહેતા સુનીલભાઈ ગામીતના બંધ ઘરને નિશાન બનાવી અજાણ્યો ચોર કબાટના લોકરમાંથી ૨૪,૦૦૦ની બે સોનાની વીંટી, ૫,૦૦૦ની બુટ્ટી તેમજ ૨૦,૦૦૦ના ચાંદીના દાગીના મળી કુલ ૪૯,૦૦૦ની મતા ચોરી નાસી ગયો હતો. આ અંગે વ્યારા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### બારડોલીના સ્વરાજ આશ્રમમાં કિટ વિતરણ



બારડોલી: બારડોલી નગર કોંગ્રેસ સમિતિ દ્વારા લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીજના જન્મદિવસની ખૂબ જ પ્રેરણાદાયી અને સેવાકીય પ્રવૃત્તિ સાથે ઉજવણી કરવામાં આવી હતી. કોંગ્રેસ સમિતિના હોદ્દેદારો અને કાર્યકરોએ સ્વરાજ આશ્રમની મુલાકાત લઈને ત્યાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ સાથે આ વિશેષ દિવસની ઉજવણી કરી ખુશીઓ વહેંચી હતી. સાથે કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ડાંગના ૨૦થી વધારે આદિવાસી પરિવારે ફરી હિન્દુ ધર્મ અંગીકાર કર્યો

**માંગરોળના** જલેબી હનુમાનજી મંદિરે આયોજિત કાર્યક્રમમાં ૪૭ લોકો સનાતન ધર્મમાં પરત ફર્યા

**ધર્મ** વાપસી સાથે ‘વ્યસનમુક્તિ’નો પણ સંકલ્પ લીધો



વિનોદ મૈસુરાયા

વાંકલઃ માંગરોળના સુપ્રસિદ્ધ જલેબી હનુમાનજી મંદિર ખાતે ધર્મ વાપસી સાથે ‘વ્યસનમુક્તિ’નો પણ સંકલ્પ લેવાયો હતો. ડાંગના સુબીર તાલુકાના ૨૦થી વધુ આદિવાસી પરિવારોના કુલ ૪૭ જેટલા સભ્યોએ ભારે હર્ષોલ્લાસ સાથે સનાતન હિન્દુ ધર્મમાં પુનઃ પ્રવેશ કર્યો છે. દક્ષિણ ગુજરાતના આ જાણીતા ધાર્મિક સ્થળે હિન્દુ શાસ્ત્રોક્ત વિધિ, મંત્રોચ્ચાર, પૂજા-અર્ચના અને સંકલ્પવિધિ સાથે આ તમામ લોકોની ‘ઘર વાપસી’ કરાવવામાં આવી હતી.

અંદાજે ૫૦ વર્ષ પહેલાં આ પરિવારોના પૂર્વજોએ વિવિધ સામાજિક, આર્થિક અથવા અન્ય સ્થાનિક કારણોસર હિન્દુ ધર્મ છોડીને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો હતો. જો કે, હવે નવી પેઢીના સભ્યો સહિત સમગ્ર પરિવારોએ કોઈપણ જાતના દબાણ વગર, સ્વૈચ્છિક રીતે પોતાના મૂળ ધર્મ અને સંસ્કૃતિ તરફ પરત ફરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો હતો. સનાતન ધર્મ અને આદિવાસી સંસ્કૃતિના રક્ષણ માટે કાર્યરત ‘દેવ બિરસા સેના’ દ્વારા આ સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના અધ્યક્ષ અરવિંદ વસાવાએ જણાવ્યું કે, નવી પેઢી પોતાની સાચી સંસ્કૃતિ સમજીને સ્વૈચ્છિક રીતે સનાતન ધર્મમાં પાછી ફરી રહી છે, જે સનાતન સંસ્કૃતિના ગૌરવસમાન છે.

આ પ્રસંગ માત્ર ધર્મ પરિવર્તન પૂરતો સીમિત ન રહેતાં સામાજિક સુધારાનું કેન્દ્ર પણ બન્યો હતો. કાર્યક્રમ દરમિયાન સનાતન ધર્મ અંગીકાર કરનાર તમામ ૪૭ લોકોને સમાજજીવનમાં સકારાત્મક બદલાવ લાવવા માટે વ્યસનમુક્તિનાં શપથ લેવડાવવામાં આવ્યાં હતાં. ઉપસ્થિત તમામ સભ્યોએ દારૂ, તમાકુ અને અન્ય જીવલેણ વ્યસનોથી કાયમ માટે દૂર રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી. ડાંગ જેવા અંતરિયાળ વિસ્તારના પરિવારોના આ નિર્ણયને સમગ્ર દક્ષિણ ગુજરાતમાં સામાજિક અને ધાર્મિક વર્તુળો તરફથી ભારે આવકાર મળી રહ્યો છે.

# પગુથણમાં કેનાલમાંથી લાશ મળી

ભરૂચઃ ભરૂચના પગુથણ ગામ પાસેની અમલેશ્વર કેનાલમાંથી એક અજ્ઞાત યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. સ્થાનિકોની જાણ પરથી પોલીસે મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો છે. પોલીસે આ ઘટના અકસ્માત છે, આત્મહત્યા કે અન્ય કોઈ કારણ, તે દિશામાં તપાસ હાથ ધરી છે.

# સાયણમાં જુગાર રમતા ૧૨ ઝડપાયા

સાયણઃ સાયણ સુગર ફેક્ટરી નજીક અંકિત એસ્ટેટ સામે ખુલ્લી જગ્યામાં ચાલતા જુગાર ધામ પર ઓલપાડ પોલીસે દરોડો પાડ્યો હતો. રેઈડ દરમિયાન પોલીસે કોર્ડન કરીને જુગાર રમી રહેલા ઓડિસાના શ્રમિક અને સ્થાનિક મળી ૧૨ને રંગેહાથ ઝડપી લીધા હતા. પોલીસે ઘટના સ્થળેથી અંગજડતી અને દાવ પરના રોકડા રૂપિયા, ૧૦ નંગ મોબાઈલ ફોન તેમજ બે મોટરસાયકલ મળી કુલ રૂ.૧,૧૨,૭૩૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

# ખોટું ફેસબુક પેજ બનાવી કીમના વેપારી સાથે એક લાખની છેતરપિંડી

કીમઃ કીમ વિસ્તારમાં સોશિયલ મીડિયા મારફતે ઓનલાઈન છેતરપિંડીનો વધુ એક બનાવ સામે આવ્યો છે. બોલાવ વિસ્તારમાં રહેતા 24 વર્ષીય વેપારી સૂરજ પ્રતાપ સિંહે Malva Wires કંપનીના નામે બનેલા ખોટા ફેસબુક પેજ પર સસ્તા ભાવે કોપર પાઈપની જાહેરાત જોઈ હતી. આરોપીએ વેપારીનો વિશ્વાસ જીતવા ખોટું GST સર્ટિફિકેટ અને બિલ મોકલી, એડ્વાન્સ પેમેન્ટના નામે બંધન બેંકના ખાતામાં 1,00,000 ટ્રાન્સફર કરાવી લીધા હતા. નાણાં ચૂકવ્યા બાદ માલ ન મળતાં વેપારીએ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. કીમ પોલીસે BNS અને IT એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બારડોલીના વાંસકુઈમાં ધોળા દિવસે બે મિત્રના ઘરમાં ચોરી

**તસ્કરો** રૂ.1.27 લાખની મતા સાફ કરી ગયા

બારડોલીઃ બારડોલીના વાંસકુઈ ગામમાં ધોળા દિવસે તસ્કરો ત્રાટક્યા હતા. ગામના પટેલ ફળિયામાં ગ્રામ પંચાયતની બાજુમાં રહેતા બે મિત્રનાં બંધ ઘરોને નિશાન બનાવી અજાણ્યા ચોરો સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ.૧,૨૭,૦૫૩નો મુદ્દામાલ ચોરી રફુચક્કર થઈ ગયા છે. આ અંગે બારડોલી રૂરલ પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

પોલીસ ફરિયાદ અનુસાર ખેતીકામ કરતા સંદીપભાઈ ગણપતભાઈ ચૌધરી ગત ૧૭ જૂનના રોજ સવારે ૧૦ વાગ્યે પુત્રને બાળમંદિરે મૂકવા ગયા હતા. તે સમયે પત્ની લાઈબ્રેરીમાં અને અન્ય સભ્યો નોકરી-ખેતરે ગયાં હતાં. બપોરે ૧૨ વાગ્યે સંદીપભાઈ પરત ફરતા બેડરૂમની તિજોરીઓ ખુલ્લી અને સામાન વેરવિખેર હતો. તસ્કરોએ સંદીપભાઈ ગણપતભાઈના ઘરેથી સોનાનું મંગળસૂત્ર, બુટ્ટી, વીંટી અને રોકડા ૨,૦૦૦ મળી કુલ રૂ.૯૧,૫૫૩ની ચોરી કરી હતી.

જ્યારે તેમના મિત્ર સંદીપભાઈ મહેન્દ્રભાઈ ચૌધરીના ઘરમાંથી સોનાની વીંટી અને ચાંદીના બ્રેસલેટ-સાંકળા મળી રૂ.૩૫,૫૦૦ના મુદ્દામાલ પર હાથફેરો કર્યો હતો. સ્થાનિક સ્તરે શોધખોળ બાદ ૨૦ જૂને મઢી આઉટ પોસ્ટ ખાતે વિધિવત ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસ હાથ ધરી છે.


## દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ

DGVCL

CIN U40102GJ2003SGC042909

બારડોલી (સં. અને નિ.) વિભાગીય કચેરી

૬૬ કે.વી.એસ.એસ. કંપાઉન્ડ, સુરત-બારડોલી રોડ, ને.હા.નં.-૬, બારડોલી-૩૯૪૬૦૧

ટોલ ફ્રી નંઃ ૧૯૧૨૩ (કે ૧૮૦૦-૨૩૩-૩૦૦૩)

### વીજપુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ ૬૬ કેવી સબ-સ્ટેશનોમાંથી નીચે જણાવેલ ૧૧ કેવી ફીડરો ઉપર જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે દર્શાવેલ તારીખ અને સમય દરમિયાન વીજ પુરવઠો મળી શકશે નહીં, કામગીરી પૂરી થયે કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

| અ. નં | સબ સ્ટેશનનું નામ | ફીડરનું નામ | પેટા વિભાગીય કચેરી | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ | વાર | સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | માંડવી | ૧૧ કેવી બડતાલ જેજીવાય | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૨૨.૦૬.૨૦૨૬ | સોમવાર | ૦૮:૩૦ થી ૧૬:૩૦ |
| ૨ | માંડવી | ૧૧ કેવી અંધાત્રી જેજીવાય | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૨૨.૦૬.૨૦૨૬ | સોમવાર | ૦૮:૩૦ થી ૧૬:૩૦ |
| ૩ | કલકવા | ૧૧ કેવી બેડા એજી | બામણીયા | ૮૯૮૦૮૦૩૮૬૫ | ૨૨.૦૬.૨૦૨૬ | સોમવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૪ | કલકવા | ૧૧ કેવી સરદાર એજી | બામણીયા | ૮૯૮૦૮૦૩૮૬૫ | ૨૨.૦૬.૨૦૨૬ | સોમવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૫ | કલકવા | ૧૧ કેવી કલકવા જેજીવાય | બામણીયા | ૮૯૮૦૮૦૩૮૬૫ | ૨૨.૦૬.૨૦૨૬ | સોમવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૬ | બારડોલી | ૧૧ કેવી બબેન જેજીવાય | બારડોલી ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૮૬૧ | ૨૨.૦૬.૨૦૨૬ | સોમવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| ૭ | બારડોલી | ૧૧ કેવી ધમદોડ-લૂમભા એજી | બારડોલી ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૮૬૧ | ૨૨.૦૬.૨૦૨૬ | સોમવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| ૮ | બારડોલી | ૧૧ કેવી ઉમરાખ એજી | બારડોલી ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૮૬૧ | ૨૨.૦૬.૨૦૨૬ | સોમવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| ૯ | ઉમરખડી | ૧૧ કેવી લીમધા જેજીવાય | ઉમરખડી | ૬૩૫૭૦૯૭૯૮૨ | ૨૨.૦૬.૨૦૨૬ | સોમવાર | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૧૦ | ઉમરખડી | ૧૧ કેવી તારાપોર એજી | ઉમરખડી | ૬૩૫૭૦૯૭૯૮૨ | ૨૨.૦૬.૨૦૨૬ | સોમવાર | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૧૧ | ગોદાવડી | ૧૧ કેવી નંદપોરે એજી | અરેઠ | ૮૯૮૦૮૦૩૮૬૬ | ૨૩.૦૬.૨૦૨૬ | મંગળવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૧૨ | કસાલ | ૧૧ કેવી પીપરીયા જેજીવાય | અરેઠ | ૮૯૮૦૮૦૩૮૬૬ | ૨૩.૦૬.૨૦૨૬ | મંગળવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૧૩ | બારડોલી | ૧૧ કેવી સોયણી જેજીવાય | બારડોલી ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૮૬૧ | ૨૩.૦૬.૨૦૨૬ | મંગળવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| ૧૪ | બારડોલી | ૧૧ કેવી જેતપુર એજી | બારડોલી ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૮૬૧ | ૨૩.૦૬.૨૦૨૬ | મંગળવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| ૧૫ | બેઢા | ૧૧ કેવી કરુઠા જેજીવાય | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૨૩.૦૬.૨૦૨૬ | મંગળવાર | ૦૮:૩૦ થી ૧૬:૩૦ |
| ૧૬ | બેઢા | ૧૧ કેવી સિંગલવાણ એજી | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૨૩.૦૬.૨૦૨૬ | મંગળવાર | ૦૮:૩૦ થી ૧૬:૩૦ |
| ૧૭ | માણેકપોર | ૧૧ કેવી રામકબીર જેજીવાય | મઢી | ૮૯૮૦૮૦૩૮૬૪ | ૨૩.૦૬.૨૦૨૬ | મંગળવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૮ | બારડોલી | ૧૧ કેવી સરદાર-ટી-૨ અર્બન | બારડોલી ટાઉન | ૮૯૮૦૮૦૩૮૬૦ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૯ | બેઢા | ૧૧ કેવી કલમકુવા જેજીવાય | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૮:૩૦ થી ૧૬:૩૦ |
| ૨૦ | બેઢા | ૧૧ કેવી સરકુઇ એજી | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૮:૩૦ થી ૧૬:૩૦ |
| ૨૧ | કલકવા | ૧૧ કેવી ડુંગરી જેજીવાય | બામણીયા | ૮૯૮૦૮૦૩૮૬૫ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૨૨ | કલકવા | ૧૧ કેવી નળધરા એજી | બામણીયા | ૮૯૮૦૮૦૩૮૬૫ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૨૩ | કલકવા | ૧૧ કેવી અલગઢ એજી | બામણીયા | ૮૯૮૦૮૦૩૮૬૫ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૨૪ | કડોદ (વાવ) | ૧૧ કેવી કડોદ જેજીવાય | કડોદ | ૮૯૮૦૮૦૩૮૬૭ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૨૫ | કડોદ (વાવ) | ૧૧ કેવી મોરી એજી | કડોદ | ૮૯૮૦૮૦૩૮૬૭ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૨૬ | બારડોલી | ૧૧ કેવી ઉમરાખ એજી | બારડોલી ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૮૬૧ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| ૨૭ | મોતા | ૧૧ કેવી કારેલી જેજીવાય | બારડોલી ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૮૬૧ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| ૨૮ | માણેકપોર | ૧૧ કેવી વાત્સલ્યધામ જેજીવાય | મઢી | ૮૯૮૦૮૦૩૮૬૪ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૨૯ | કસાલ | ૧૧ કેવી ચુડેલ ઇન્ડ | અરેઠ | ૮૯૮૦૮૦૩૮૬૬ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૩૦ | મહુવા | ૧૧ કેવી નિહાલી જેજીવાય | મહુવા | ૮૯૮૦૮૦૩૮૬૨ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૩૧ | મહુવા | ૧૧ કેવી ધોડિકૂઇ એજી | મહુવા | ૮૯૮૦૮૦૩૮૬૨ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૩૨ | તરસાડી | ૧૧ કેવી ઇસરોલી જેજીવાય | બારડોલી ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૮૬૧ | ૨૫.૦૬.૨૦૨૬ | ગુરુવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| ૩૩ | બારડોલી | ૧૧ કેવી બમરોલી એજી | બારડોલી ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૮૬૧ | ૨૫.૦૬.૨૦૨૬ | ગુરુવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| ૩૪ | માંડવી | ૧૧ કેવી માંડવી (ટી) અર્બન | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૨ | ૨૫.૦૬.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૩૦ થી ૧૫:૩૦ |
| ૩૫ | માંડવી | ૧૧ કેવી જામનકુવા જેજીવાય | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૨૫.૦૬.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૩૦ થી ૧૬:૩૦ |
| ૩૬ | માંડવી | ૧૧ કેવી રામેશ્વર એજી | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૨૫.૦૬.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૩૦ થી ૧૬:૩૦ |
| ૩૭ | માંડવી | ૧૧ કેવી નાનીચેર એજી | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૨૫.૦૬.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૩૦ થી ૧૬:૩૦ |
| ૩૮ | તરસાડા | ૬૬ કેવી તરસાડા સબ-સ્ટેશનના તમામ ફીડર | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૨ | ૨૫.૦૬.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૩૦ થી ૧૬:૩૦ |
| ૩૯ | કડોડ -૨ | ૧૧ કેવી સુમિત ઇન્ડ | કડોદ | ૮૯૮૦૮૦૩૮૬૭ | ૨૫.૦૬.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૪૦ | કડોદ -૨ | ૧૧ કેવી બોલિજ ઇન્ડ | કડોદ | ૮૯૮૦૮૦૩૮૬૭ | ૨૫.૦૬.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૪૧ | કાટીસકુવા | ૧૧ કેવી ધામોદલા જેજીવાય | મઢી | ૮૯૮૦૮૦૩૮૬૪ | ૨૫.૦૬.૨૦૨૬ | ગુરુવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૪૨ | કમલાપોર | ૧૧ કેવી ખંજરોલી એજી | અરેઠ | ૮૯૮૦૮૦૩૮૬૬ | ૨૫.૦૬.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૪૩ | કમલાપોર | ૧૧ કેવી મહાદેવ જેજીવાય | અરેઠ | ૮૯૮૦૮૦૩૮૬૬ | ૨૫.૦૬.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૪૪ | મોટી ફ્લોદ | ૧૧ કેવી ખોજ જેજીવાય | કડોદ | ૮૯૮૦૮૦૩૮૬૭ | ૨૬.૦૬.૨૦૨૬ | શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૪૫ | મોટી ફ્લોદ | ૧૧ કેવી પણદા એજી | કડોદ | ૮૯૮૦૮૦૩૮૬૭ | ૨૬.૦૬.૨૦૨૬ | શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૪૬ | ગોદાવડી | ૧૧ કેવી ગામતલાવ એજી | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૨૬.૦૬.૨૦૨૬ | શુક્રવાર | ૦૮:૩૦ થી ૧૬:૩૦ |
| ૪૭ | ગોદાવડી | ૧૧ કેવી ગોદાવડી જેજીવાય | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૨૬.૦૬.૨૦૨૬ | શુક્રવાર | ૦૮:૩૦ થી ૧૬:૩૦ |
| ૪૮ | આફવા | ૧૧ કેવી અફવા જેજીવાય | બારડોલી ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૮૬૧ | ૨૬.૦૬.૨૦૨૬ | શુક્રવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| ૪૯ | આફવા | ૧૧ કેવી પારડી એજી | બારડોલી ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૮૬૧ | ૨૬.૦૬.૨૦૨૬ | શુક્રવાર | ૦૯:૦૦ થી ૧૬:00 |
| ૫૦ | બામણીયા | ૧૧ કેવી નેવાણીયા એજી | બામણીયા | ૮૯૮૦૮૦૩૮૬૫ | ૨૭.૦૬.૨૦૨૬ | શનિવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૫૧ | બામણીયા | ૧૧ કેવી બારતાડ એજી | બામણીયા | ૮૯૮૦૮૦૩૮૬૫ | ૨૭.૦૬.૨૦૨૬ | શનિવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૫૨ | બામણીયા | ૧૧ કેવી કાછલ જેજીવાય | બામણીયા | ૮૯૮૦૮૦૩૮૬૫ | ૨૭.૦૬.૨૦૨૬ | શનિવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |

નોંધઃ ગ્રાહક તકરાર નિવારણ સમિતિની બેઠકઃ દર મહિને ૧૦મી તારીખે વિભાગીય કચેરીએ અને ૨૦મી તારીખે વર્તુળ કચેરીએ

કાર્યપાલક ઈજનેરશ્રી (સં. અને નિ.)બારડોલી વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.

એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો